# મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબહેન પટેલે લોકસભાની ટીકીટ માગી

ગાંધીનગર

ગુજરાત ભાજપમાં હાલ લોકસભા ઉમેદવારોની પેનલ બનાવવાનું કામ ચાલે છે ત્યારે પાર્ટીની મુશ્કેલી વધે તેવા અણસાર છે. પાર્ટીના નિરીક્ષકોએ સામાન્ય રીતે એક બેઠકમાં ત્રણ ઉમેદવારો સાથેની પેનલો બનાવવાનું શરૂ કર્યું છે ત્યારે ગાંધીનગરની બેઠક પર બે મોટા નામ સામે




આવેલા છે જેમાં એક નામ મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબહેન પટેલનું છે.

રાજ્યમાં ભાજપના નિરીક્ષકો ત્રણ દિવસ સુધી પેનલો બનાવવાનું કામ કરવાના છે. ૧૬મી માર્ચે ગાંધીનગરની બેઠકના નામો ચર્ચામાં આવવાના છે ત્યારે નિરીક્ષકોની મુશ્કેલી વધી છે. હાલના સાંસદ લાલકૃષ્ણ અડવાણીનું નામ તેઓ કાપી શકતા નથી. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનું નામ ઉમેરે છે ત્યારે મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબહેન પટેલનું નામ પણ સામે આવ્યું છે.

ભાજપમાં ૭૫ કે તેથી વધુ વયના નેતાઓને લોકસભાની ટીકીટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પરંતુ પાર્ટીએ અનેક જગ્યાએ આ નિર્ણયને દૂર કર્યો છે. હવે ગાંધીનગરની બેઠક પર જેમનું નામ સામે આવ્યું છે તે મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબહેન પટેલ છે જેમની ઉંમર ૭૫ વર્ષ કરતાં વધુ છે. તેમને પાર્ટીના આદેશ પ્રમાણે ગુજરાતના મુખ્યમંત્રીનું પદ છોડવું પડ્યું હતું.



પાર્ટીના સૂત્રો કહે છે કે ગાંધીનગરની બેઠક પર આનંદીબહેન પટેલે રજૂઆત કરી હોવાની સંભાવના છે. તેમણે એમ પણ કહ્યું છે કે મને લોકસભાની ટીકીટ ન મળે તો મારી દિકરી અનાર પટેલને ટીકીટ આપવી જોઈએ, જો કે પાર્ટીના સત્તાવાર વર્તુળો આ માગણી અંગે ચૂપકિદી સેવી રહ્યાં છે અને કહે છે કે આનંદીબહેન પટેલે ટીકીટની માગણી કરી નથી. આનંદીબહેન પટેલના સમર્થક અને પાર્ટીના એક સિનિયર કાર્યકરે કહ્યું કે ૧૬મી માર્ચે જ્યારે ગાંધીનગર બેઠકના ઉમેદવારો અંગે ચર્ચા થવાની છે ત્યારે અમે આનંદીબહેન પટેલનું નામનો વિચાર કરવા પાર્ટીના નિરીક્ષકો સમક્ષ રજૂઆતો કરવાના છીએ.

# રાજ્યના ૮૦થી વધુ અધિકારીઓ પંચના નિરીક્ષક તરીકે ફરજ પર જશે

ગાંધીનગર, તા. ૧૫

આગામી લોકસભા તેમજ રાજ્યોમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણી માટે રાજ્યના ૮૦થી વધુ અધિકારીઓને નીરીક્ષક તરીકેની કામગીરી માટે પંચ દ્વારા પસંદગી કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે સનદી અધિકારીઓ ઉપરાંત સિનીયર ગુજરાત વહીવટીય સેવા (જીએએસ) કેડરના અધિકારીઓની પસંદગી પંચ દ્વારા કરવામાં આવી છે.

પંચ દ્વારા પસંદ કરાયેલ અધિકારીઓની એક દિવસીય તાલિમ પણ નવી દિલ્હી ખાતે તાજેતરમાં આપવામાં આવી હતી. જોકે કયા અધિકારીઓ કયા રાજ્યમાં જશે તે અંગેનો નિર્ણય હવે પંચ દ્વારા લેવામાં આવશે.

પંચ દ્વારા ૭૦ જેટલા સનદી અધિકારીઓ અને ૧૦ જેટલા ગેસ કેડરના અધિકારીઓની પસંદગી કરવામાં આવી છે.

ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી દરમ્યાન ત્રણ નિરીક્ષકો નીમવામાં આવે છે. જેમાં એક જનરલ ઓબ્ઝર્વર, એકાઉન્ટ માટેના ઓબ્ઝર્વર અને પોલીસ ઓબ્ઝર્વર નિમવામાં આવે છે.

પોલીસ ઓબ્ઝર્વર સામાન્યતઃ આઈ.પી.એસ. કેડરના હોય છે. રાજ્યમાંથી કેટલા આઈ.પી.એસ. અધિકારીઓની પસંદગી કરાઈ તે જાણવા મળ્યુ નથી.

નિરીક્ષકોની નિમણુંક, પસંદગી બધુ જ પંચ દ્વારા કરવામાં આવતી હોય છે અને તેઓ સીધો ચૂંટણી અંગેનો તેમનો અહેવાલ સીધો પંચને જ આપતા હોય છે. જે ઉલ્લેખનીય છે.



ફાગણ ફોરમ તો આયો... - ફાગણના આગમનને પગલે પ્રાકૃતિક વૈભવમાં નવો સંચાર થતો હોય એવી અનુભૂતિ થાય છે... રંગબેરંગી પુષ્પો ફાગણના આગમનનુ પ્રતિત કરાવે છે... અને એમાય કેસુડો... રંગોના પર્વોનું કેસરીયું પુષ્પ સોળે કળાએ ખીલી ઉઠ્યું છે... ગરમીની મોસમમાં શરીરને ઠંડક આપે, આંખને ઠંડક આપે અને પ્રાકૃતિક વૈભવનો સ્પર્શ કરાવે એવું કેસુડાનું પુષ્પ આપણાં લોકજીવનનમાં ખૂબ જ પ્રિય છે...

# હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી આજથી દાહોદ ઝાલોદના રૂટમાં ૧૦ બસો દોડશે

## પર્વને અનુલક્ષી વતનમાં જવા માંગતા આદિવાસી પરિવારજનો માટે ખાસ વધારાની બસો દોડાવાશે

ગાંધીનગર તા ૧૫

હોળી ધુળેટીનુ પર્વ નજીકમાં આવતા નગરજનોમાં પર્વની ઉજવણીને અનુલક્ષી ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ છે. પર્વની ઉજવણી માટે અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નગરમાં વસતા રાજસ્થાની પરિવારજનોમાં પણ હોળીના પર્વની ઉજવણીને અનુલક્ષી ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ પૈકી કેટલાક પરિવારજનો માદરે વતન જવા માટે પણ ઉત્સુક છે. જેને ધ્યાને લઈ એસ ટી નિગમ દ્વારા વધારાની બસો દોડાવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. શનિવારથી દાહોજ તેમજ ઝાલોદ રૂટમાં વધારાની બસો શરૂ કરી દેવાશે.

હોળી ધુળેટી પર્વની ઉજવણીને અનુલક્ષી આદિવાસી પરિવારજનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જયારે હોળી ધુળેટી ના પર્વ દરમિયાન નગરમાં વસતા રાજસ્થાની પરિવારો શહેર તેમજ આસપાસમાં વસતા પરિવારજનો પણ ઉત્સાહપુર્વક પરંપરાગત રીતે તહેવાર ઉજવતા હોય છે. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા પણ હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી દાહોદ ઝાલોદ તરફના રૂટમાં વધારાની બસો દોડાવવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ખાસ કરીને આદિવાસી પરિવારોને પોતાના વતનમાં જવા માટે આ બસ સુવિધાનુ આયોજન કરવામાં આવે છે. તેમને યોગ્ય સમયે વાહન વ્યવ્હાર ઉપલબ્ધ થાય તે માટે પ્રતિવર્ષ વધારાની બસો દોડાવામાં આવે છે. આ અંગે ડેપો મેનેજર કિર્તન પટેલે જણાંવ્યુ હતુ કે હોળી ધુળેટીના પર્વ દરમિયાન દાહોદ ઝાલોદ રૂટમાં આમ પણ ટ્રાફિક વધી જાય છે. મુસાફરોની સંખ્યા વધતા તેને ધ્યાને લઈ પર્વની ઉજવણી માટે વતન જતા પરિવારજનો માટે ખાસ બસ સેવા દોડાવાય છે. આ મોટ ઘ-૨ કડીયા નાકાથી પણ વધારાની બસ દોડાવાશે.

હોળી ધુળેટીના પર્વને અનુલક્ષીને પ્રતિદિન વધારાની ૧૦ જેટલી બસો દોડાવાશે. હોળી ધુળેટી પર્વ દરમિયાન વતન જવા માંગતા મુસાફરોએ ખાનગી વાહનોની જોખમી મુસાફરી ન કરવી પડે તે માટે પ્રતિવર્ષ એસ ટી ડેપો દ્વારા આ પ્રકારની બસ સેવાનુ ટ્રાફિક મુજબ આયોજન કરવામાં આવે છે.

# સચિવાલયથી ક્ષેત્રીય કચેરીઓ સહિત સેક્ટરોમાં ઉંદરોનો ભારે ઉપદ્રવ

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યના સૌથી મોટા વહીવટીય કાર્યાલય સચિવાલયથી લઈ જિલ્લાકક્ષાની નામામાં નાની કચેરીમાં મૂષક રાજ વિસ્તર્યુ છે અને તેની વર્તણુંકથી તંત્રના અધિકારીઓ હવે તોબા પોકારી ગયા છે.

સચિવાલયમાં મૂષકરાજને નિયંત્રીત કરવા માટે ખાસ પાંજરાઓ વસાવવામાં આવ્યા છે એટલુ જ નહિ આ માટે એક તબક્કે ટેન્ડર પણ બહાર પડાયા હતા.

હવે આ મૂષકરાજ જિલ્લાઓની કચેરી સુધી વિસ્તર્યુ છે. જિલ્લા પંચાયત, કલેક્ટર કચેરી તેમજ સહયોગ સંકુલ અને મનપાની કચેરીઓમાં આ મૂષકરાજે હાહાકાર મચાવી દીધો છે. અહિ ફાઈલો કાતરી ખાવા ઉપરાંત ટેલિફોનના વાયરો પણ સલામત નથી રહેવા દેતા મૂષકરાજા. વર્ગ-૪ના કર્મચારીઓ સાથે વાત કરતાં ધ્યાને આવ્યુ કે આ કચેરીઓમાંથી સરેરાશ ત્રણથી ચાર ઉંદર પકડી અને તેમને બહાર માર્ગ પર છોડી દેવામાં આવે છે. ગાંધીનગર શહેરની જમીન રેતાળ હોવાથી અહિ ઉંદરોના દર પણ વધુ છે અને નાની કચેરીઓમાં કેન્ટીનની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી બપોરની રિશેષમાં નાસ્તા કે લંચના પડેલા ટુકડાઓ ખાવા માટે તેઓ મોટી સંખ્યામાં આ કચેરીઓમાં વસવાટ કરી રહ્યા છે. અહિં તેઓ સલામતી પણ અનુભવી રહ્યા છે. જોકે ગાંધીનગરના વિવિધ સેક્ટરોમાં પણ ઉંદરોનો ઉપદ્રવ વધારે જોવા મળી રહ્યો હોવાનું વસાહતીઓની વાતચીતમાં જાણવા મળ્યુ છે. એક વસાહતી અગ્રણીએ જણાવ્યુ કે કચેરીઓ-સચિવાલયમાં બાબુરાજ તો મનપામાં ભાજપનું રાજ, પાટનગરમાં સરકાર મનપાની ભાગીદારીનું રાજ પણ સેક્ટરોમાં કપિરાજ, રખડતા પશુઓ અને મૂષકરાજ પ્રવર્તતુ હોવાથી નક્કી જ નથી થતુ કે ક્યાં વસીએ છીએ.

# બોર્ડ પરીક્ષા દરમિયન એક ડમી વિદ્યાર્થી ઝડપાયા સિવાય કોઈ કોપી કેસ નહીં

## બોર્ડ પરીક્ષા અંતિમ તબક્કામાં મહત્વના વિષયોની પરીક્ષા પુર્ણ થતા વિદ્યાર્થીઓમાં હાંશકારો

ગાંધીનગર તા ૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉત્તેજના હવે હળવી થઈ છે. મોટાભાગના મહત્વના વિષયોની પરીક્ષા પુર્ણ થતા હવે પરીક્ષા અંતિમ તબક્કામાં છે. જયારે બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. બોર્ડ પરીક્ષા દરમિયાન એક જિલ્લામાંથી એક ડમી વિદ્યાર્થી પકડાયો છે. જયારે અન્ય એક પણ કોપી કેસ નોંધાયો નથી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બાર્ડ દ્વારા ગત તા ૭ માર્ચ થી પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે શિક્ષણ તંત્ર દ્વારા તમામ ઠેકાણે સી સી ટી વી કેમેરાની વોચ રાખવામાં આવી છે. જયારે તમામ વર્ગોમાં સી સી ટી વી કેમેરાની વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે બોર્ડના પ્રશ્નપત્રો જે ઠેકાણે રાખવામાં આવે છે ત્યાં પણ સી સી ટી વી કેમેરાની વોચ રાખવામાં આવી છે. બાર્ડની પરીક્ષા દરમિયન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે વર્ગ -૧ અને ૨ ના ઓબર્ઝવરની નિમણુંક પણ કરવામાં આવી છે. આ અધિકારીઓ વર્ગખંડમાં રાઉન્ડ લઈ પરીક્ષા સ્થળ પર હાજરી આપે છે. ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા પુર્ણતાના આરે છે. જયારે અત્યાર સુધી એક પણ કોપી કેસ નોંધાયો

● અનુસંધાન પાન-૭ પર

# પાંચ વિધાનસભા બેઠકો માટેની પેટા ચૂંટણીની તૈયારી શરૂ

ગાંધીનગર, તા. ૧૫

લોકસભાની સાથે રાજ્ય વિધાનસભાની ખાલી પડેલી પાંચ વિધાનસભા બેઠકોની યોજાનાર ચૂંટણીને લઈ પંચ દ્વારા અલગથી તૈયારીઓ આરંભી દેવાઈ છે.

આ પાંચેય વિધાનસભાની ખાલી બેઠકો માટેની જાહેરાત પંચ દ્વારા કરી દેવામાં આવી છે. આ માટે અલગથી પાંચેય વિધાનસભા મત વિસ્તારમાં મતકુટિરો બનાવવામાં આવશે. આ માટેના ઉમેદવારી પત્રો પણ ૨૮મીથી જ ભરાશે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ માટેની તૈયારીઓ લગભગ થઈ ચુકી છે. વિધાનસભાની પેટા-ચૂંટણી માટે ઈ.વી.એમ. માટેનું મતપત્રક અન્ય કલરમાં છપાશે તેમજ તેના મતદાન માટે અલગથી મતદાન કુટિર પણ બનાવાશે.

રાજયમાં ઊંઝા, માણાવદર, ધાંગ્રધા-હળવદ, જામનગર ગ્રામ્ય અને તલાલા વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણીઓ યોજાવાની છે. ૧૮૨ની સભ્ય સંખ્યા ધરાવતી વિધાનસભામાં હાલ ૧૭૭ સભ્યો છે.



આર્ટીફિશીયલ ફલાવર - શહેરમાં આજકાલ ઠેર ઠેર આર્ટીફિશીયલ ફલાવર ફુટપાથ પર વેચાતા નજરે પડે છે... ઘરના સુશોભન માટે ગાંધીનગરાઓની આર્ટીફિશીયલ ફલાવર પસંદગી રહેલી છે...

# આજની એકમ કસોટીના પ્રશ્નપત્રો ન પહોંચતા આચાર્યોએ ગાંધીનગર દોટ મુકી

## તંત્ર ચૂંટણીમાં વ્યસ્ત હોવાથી પ્રત્યુત્તર આપવા જવાબદારોની ગેરહાજરી

ગાંધીનગર, તા. ૧૫

શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરાયેલ એકમ કસોટીના પ્રશ્નપત્રો આજે સાંજ સુધી શાળાઓમાં ન પહોંચતાં શાળાના આચાર્યોએ ગાંધીનગર સુધી દોડધામ કરી મુકી હતી. ડિસેમ્બર માસથી શૈક્ષણિક સ્તરની ગુણવત્તાના સુધાર માટે એકમ કસોટી દર સપ્તાહે લેવાનો નિર્ણય અમલી બનાવ્યો છે. શનિવારે જિલ્લામાં ધો. ૫ થી ૮ના બાળકો માટે હિન્દી વિષયની એકમ કસોટી યોજવામાં આવી છે. પરંતુ આજે મોડી સાંજ સુધી આ એકમ કસોટીના પ્રશ્નપત્રો શાળાકક્ષાએ પહોંચ્યા જ નથી.

સાંજના ૪ વાગ્યા સુધી શાળાના આચાર્યોએ આ અંગે રાહ જોયા બાદ તેમણે ગાંધીનગર સુધી દોડધામ કરી મુકી હતી. આજે જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીશ્રી સામાજિક કારણોસર એક દિવસની રજા પર હતા તો શિક્ષણ વિભાગના ઘણા બધા કર્મચારીઓ ચૂંટણીની ફરજોમાં વ્યસ્ત હોવાથી સાચો પ્રત્યુત્તર આપવાવાળા જવાબદારો પણ હાજર જણાયા ન હતા.

રાજ્ય સરકારે હજુ પ્રાથમિક શાળાઓની પરીક્ષાઓ ક્યારે લેવાશે તે અંગે પણ કોઈ સ્પષ્ટતા કરી નથી અને એકમ કસોટી અંગે પણ આચારસંહિતાને લઈ મોકુફ રાખી છે કે શુ તેની પણ કોઈ સૂચનાઓ જારી ના કરતાં તંત્ર પણ ગોથે ચડી જવા પામ્યુ છે.

જિલ્લામાં ૫૦ હજારથી પણ વધુ બાળકો એકમ કસોટીમાં હાજરી આપતા હોય છે. આ એકમ કસોટીના મૂલ્યાંકન પછી બાળકની નબળાઈ ક્યાં છે અને તેની ત્રુટીઓ શિક્ષકોને વધુ મહેનત કરવા માટે પ્રેરીત કરતી હતી પરંતુ સંવાદ પર ભાર મુકતા તંત્રમાં જ સંવાદના અભાવે આજે અફડાતફડી જેવો માહોલ જોવા મળ્યો હતો.

# ઉદ્યોગભવન સંકુલના પાર્કીગમાં આજા ફસાજા જેવી સ્થિતિ

## સાંકડા સર્વિસ રોડ પર આડેધડ વાહનો ખડકાય છે : સંકુલમાં વાહનો માટે પાર્કીગ વ્યવસ્થા પુરતી ન હોવાથી મુલાકાતીઓ તોબા પોકારી ગયા છે

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં જાહેર સ્થળોએ પાર્કીગની સમસ્યા પેચીદી બની છે. જયારે સરકારી કચેરીઓમાં પણ આવી જ સ્થિતિ છે. નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ઉદ્યોગભવન સંકુલમાં વાહનપાર્કીગના મામલે વિશાળકાય બિલ્ડીંગમાં આવતા મુલાકાતીઓએ આજા ફસાજાની સ્થિતિમાં મુકાવવુ પડે છે. ભુલભુલૈયા જેવા બિલ્ડીંગમાં વાહન પાર્કીગના મુદ્દે પણ મુલાકાતીઓ માટે મોટો શિરદર્દ ઉભો થાય છે.

ગાંધીનગરમાં ટ્રાફિકની સમસ્યાનો હજુ હલ નથી આવ્યો શહેરના માર્ગો પર મુકાયેલા ટ્રાફિક સિગ્નલનુ યોગ્ય રીતે સંચાલન ન થતા વાહનચાલકો માટે અનેક મુંઝવણ ઉભી થઈ છે. જયારે ટ્રાફિકની સાથે પાર્કીગ સેન્સનો અભાવ પણ વાહનચાલકો માટે શિરદર્દ સમાન બની છે. આવા સંજોગોમાં નગરના કોર્મશિયલ કોમ્પલેક્ષો આસપાસ પાર્કીગની સમસ્યા નિવારવા માટે નવી ડિઝાઈનનુ પાર્કીગ તૈયાર કરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ

● અનુસંધાન પાન-૭ પર

# બારડની સજાને સ્ટે આપતા હુકમને હાઈકોર્ટે રદ કર્યો

અમદાવાદ, તા.૧૫

તાલાલાના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ભગવાન બારડને સને ૧૯૯૫ના રૂ.૨.૫૩ કરોડની ખનીજ ચોરીના કેસમાં બે વર્ષ અને નવ મહિનાની સજા ફટકારી હતી. આ ચુકાદાથી નારાજ થયેલા ભગવાન બારડે વેરાવળ સેશન્સ કોર્ટમાં અપીલ કરતાં સેશન્સ કોર્ટે જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટના સજાના હુકમ સામે સ્ટે જારી કરી દીધો હતો. જેને પગલે રાજ્ય સરકાર તરફથી ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન દાખલ કરી સજાને સ્ટે કરતાં સેશન્સ કોર્ટના હુકમને પડકારાયો હતો. જેની સુનાવણીમાં આજે જસ્ટિસ સોનિયાબહેન ગોકાણીએ રાજ્ય સરકારની અરજી મંજૂર કરી બારડની સજાને સ્ટે કરતાં વેરાવળ સેશન્સ કોર્ટના હુકમને રદબાતલ ઠરાવ્યો હતો. એટલું જ નહી, હાઈકોર્ટે સમગ્ર મામલાની ફરીથી સુનાવણી હાથ ધરવા સેશન્સ કોર્ટને હુકમ કર્યો હતો. હાઈકોર્ટના આ હુકમને પગલે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ભગવાન બારડની મુશ્કેલીમાં વધારો થયો છે. તાલાલાના પૂર્વ ધારાસભ્ય ભગવાન બારડે ધારાસભ્ય પદેથી સસ્પેન્ડ કરવા અને તાલાલાની પેટાચૂંટણી જાહેર કરવાના નિર્ણયને ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યા છે. બીજીબાજુ રાજ્ય સરકારે પણ બારડની સજાને

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com